# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 02-10-2023** **MIDDAY : 2.30 to 2.35PM**

**Day : MONDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **સંસ્કૃતિ ભુંડિયા** વાંચે છે.

---

-----------------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા)

# GANDHI JAYANTI – SHASTRIJI -1

આજે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની 154મી જન્મજયંતિની દેશભરમાં ઉજવણી થઈ રહી છે, અને દેશ વિદેશમાં રાષ્ટ્રપિતાને શ્રદ્ધાંજલી આપવાના શ્રેણીબદ્ધ કાર્યક્રમોનું આયોજન કરાયું છે. નવી દિલ્લીમાં રાજઘાટ ખાતે બાપુના સમાધિ સ્થળે સર્વ ધર્મ પ્રાર્થના સભાનું આયોજન કરવામાં આવ્યું હતું.

મહાત્મા ગાંધીજીની જન્મજયંતિ નિમિત્તે રાજ્યમાં પણ વિવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. અમદાવાદમાં સાબરમતી આશ્રમ અને પોરબંદરમાં મહાત્મા ગાંધીના જન્મસ્થળ કીર્તિ મંદિર ખાતે આયોજિત સર્વધર્મ પ્રાર્થનામાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ભાગ લીધો હતો.

અમદાવાદના સાબરમતી આશ્રમમાં પણ સવારે સર્વધર્મ પ્રાર્થના સાથે ગાંધી જયંતિની ઉજવણી કરાઇ હતી, ત્યારબાદ પ્રખ્યાત ગાંધીવાદી ઉષા બેન ઠક્કરે આશ્રમમાં ઉપદેશ આપ્યો હતો. રાજ્યપાલ અને ગુજરાત વિદ્યાપીઠના કુલપતિ આચાર્ય દેવવ્રતે ગુજરાત વિદ્યાપીઠની શતાબ્દી યાત્રાને ઉજાગર કરતા પુસ્તકની બીજી આવૃત્તિનું લોકાર્પણ કર્યું હતું. આ વિદ્યાપીઠની સ્થાપના વર્ષ 1920માં મહાત્મા ગાંધી દ્વારા કરવામાં આવી હતી. અમરેલીમાં કેન્દ્રીય મંત્રી પરષોત્તમ રૂપાલાની ઉપસ્થિતિમાં ગાંધી વંદના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મંત્રી શ્રી રૂપાલા અને અન્ય ભાજપના આગેવાનોએ ખાદીની ખરીદી કરી હતી. સ્ટેચ્યુ ઓફ યુનિટી જેવા પ્રવાસન સ્થળો સહિત રાજ્યમાં વિવિધ સ્થળોએ સ્વચ્છતાના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. સ્થાનિક કારીગરોને પ્રોત્સાહન આપવા માટે આજથી રાજ્યભરમાં ખાદી પ્રદર્શનનું

પણ આયોજન કરવામાં આવી રહ્યું છે જેમાં રાજ્યના મંત્રીઓ અને અગ્રણી નેતાઓ ખાદીની સામૂહિક ખરીદી કરી રહ્યા છે.

આજે ભૂતપૂર્વ પ્રધાનમંત્રી લાલ બહાદુર શાસ્ત્રીની પણ જન્મ જયંતિ છે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ અને પ્રધાનમંત્રી મોદીએ રાષ્ટ્રીય રાજધાનીમાં લાલ બહાદુર શાસ્ત્રીના સ્મારક વિજય ઘાટ ખાતે તેમને પુષ્પાંજલિ અર્પણ કરી હતી.

શ્રી મોદીએ લાલ બહાદુર શાસ્ત્રીની સાદગી, રાષ્ટ્ર પ્રત્યેનું સમર્પણ અને જય જવાન, જય કિસાનનું પ્રતિકાત્મક આહ્વાન આજે પણ પેઢીઓને પ્રેરણા આપતું હોવાનું કહ્યું હતું.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# CM- KUTCH YAKSH MELO

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે કચ્છ જિલ્લાના નખત્રાણા તાલુકાના સાયંરા(યક્ષ) ખાતે યક્ષ ભાતીગળ મેળાનો શુભારંભ કરાવ્યો હતો.

શ્રી પટેલે સંબોધન કરતાં જણાવ્યુ કે, યક્ષનો મેળો, માતાનો મઢ, હાજીપીર, કોટેશ્વર, રવેચી, જેસલ-તોરલ સમાધિ, નારાયણ સરોવર અને લખપત ગુરુદ્વારા જેવા ધાર્મિક-ઐતિહાસિક સ્થાનકો કચ્છની આગવી લોક સંસ્કૃતિના ધબકાર છે. શ્રી પટેલે નાની ગ્રામ પંચાયતના સહયોગથી યોજાયેલા મોટા યક્ષના ભવ્યમેળાને ગ્રામ પંચાયતોના સશક્તિકરણનું જ્વલંત ઉદાહરણ ગણાવ્યો હતો.

અમારા કચ્છના પ્રતિનિધિ હેમાંગ પટ્ટણીના જણાવ્યા પ્રમાણે ૧ હજાર ૨૮૨મી વખત યોજાઈ રહેલા આ ભવ્ય મેળાનો પ્રથમવાર મુખ્યમંત્રીના હસ્તે શુભારંભ થયો છે.

. . . . . . . . . . . . . . . . . .

## SWACHHTA HI SEVA - AIR

સ્વચ્છતા હી સેવા અભિયાન અંતર્ગત આજે આકાશવાણીના અમદાવાદ કેન્દ્રમાં સ્વચ્છતા અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આકાશવાણીના જુદાજુદા વિભાગોના કર્મચારીઓ સાથે મળીને આકાશવાણીના સફાઇ અભિયાનમાં જોડાયા હતા અને સ્વચ્છતાના શપથ લીધા હતા.

આકાશવાણી અમદાવાદના હેડ ઓફ ઓફિસ અને ડીડીજી એન.એલ.ચૌહાણે આજના સફાઇ અભિયાન અંગે પોતાના પ્રતિભાવ આપતા જણાવ્યું હતું કે, અઠવાડિયામાં માત્ર બે કલાક સફાઇ કામ માટે ફાળવવાથી વર્ષના 100 કલાક સફાઇ થઇ શકે છે.

(બાઇટ-એન.એલ.ચૌહાણ)

--------------------------------------

## CM- KUTCH YAKSH MELO

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે કચ્છ જિલ્લાના નખત્રાણા તાલુકાના સાયંરા(યક્ષ) ખાતે યક્ષ ભાતીગળ મેળાનો શુભારંભ કરાવ્યો હતો.

શ્રી પટેલે સંબોધન કરતાં જણાવ્યુ કે, યક્ષનો મેળો, માતાનો મઢ, હાજીપીર, કોટેશ્વર, રવેચી, જેસલ-તોરલ સમાધિ, નારાયણ સરોવર અને લખપત ગુરુદ્વારા જેવા ધાર્મિક-ઐતિહાસિક સ્થાનકો કચ્છની આગવી લોક સંસ્કૃતિના ધબકાર છે. શ્રી પટેલે નાની ગ્રામ પંચાયતના સહયોગથી યોજાયેલા મોટા યક્ષના ભવ્યમેળાને ગ્રામ પંચાયતોના સશક્તિકરણનું જ્વલંત ઉદાહરણ ગણાવ્યો હતો.

અમારા કચ્છના પ્રતિનિધિ હેમાંગ પટ્ટણીના જણાવ્યા પ્રમાણે ૧ હજાર ૨૮૨મી વખત યોજાઈ રહેલા આ ભવ્ય મેળાનો પ્રથમવાર મુખ્યમંત્રીના હસ્તે શુભારંભ થયો છે.

. . . . . . . . . . . . . . . . . .